


# ‘સન્નારી’ કવર ગર્લ બનવું છે?

સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઈ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ ‘સન્નારી’ કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઈક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઈ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો. M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in



## પ્રિય સન્નારી

કેવો ચાલે છે ગણેશોત્સવ? વિઘ્નહર્તા તમારાં વિઘ્નો દૂર કરે એવી શુભેચ્છાઓ... સુરતમાં પણ દર વર્ષની જેમ જાત-જાતનાં ગણેશજી દૃષ્ટિગોચર થાય છે. ગણેશની મૂર્તિઓનું વૈવિધ્ય જોતાં લોકોની કલ્પનાશક્તિ અને સર્જનશક્તિને સલામ કરવી પડે. આજકાલ દરેક ધર્મના તહેવારોમાં આપણને વિશિષ્ટ અને વૈવિધ્યસભર કલાકૃતિઓ જોવા મળે છે. કાશ! સર્જનની આ દ્રષ્ટિ કલાકારો પોતાના વ્યવસાય અને જીવનમાં પણ વિકસાવે.

સન્નારીઓ, આવતા સપ્તાહે ‘ટીચર્સ ડે’ છે. કોર્પોરેટ કલ્ચરમાં ટીચર્સનું મહત્ત્વ શાન-બાનની દ્રષ્ટિએ ઓછું થઈ રહ્યું છે છતાં શિક્ષક એટલે...

સિર્ફ સ્કૂલ નહીં, જીવન કે ગુરુવર,
આધુનિક શિક્ષક, મુશ્કિલ તુમ્હારી ડગર
બદલતે સમય મેં તુમ ખુદ કો ઢાલો
જ્ઞાન કી જ્યોતિ સે, હર જીવન ઉજાલો...

શિક્ષક દિવસની સહુને શુભ-કામનાઓ. દરેક સ્ત્રી પ્રોફેશનથી શિક્ષક ભલે ન હોય પરંતુ એની અંદર એક શિક્ષક હરક્ષણ જાગતો રહે છે. જે માતા તરીકે, પત્ની તરીકે કે વહુ-દીકરી તરીકે એની આજુબાજુનાં લોકોને ઘડતો રહે છે અને ખુદ પોતે પણ ઘડાતો રહે છે... તો ગુસ્સે થતાં, ટપારતાં, સલાહ આપતાં, મદદ કરતાં અને શીખવતાં તમારામાં રહેલા શિક્ષકને સલામ... હા, એક માતા સો શિક્ષકની ગરજ સારે પરંતુ સ્કૂલમાં ભણાવતાં એક શિક્ષક સો માતાની ગરજ સારે કે ન સારે પરંતુ એણે સો માતાનાં બાળકોને ઘડવાનાં હોય છે અને આ જોબ જરા ય સહેલી નથી. માસ્તર, સાહેબ, શિક્ષક એ એક સમયના સન્માનનીય શબ્દો.. આજે શબ્દો છે પણ એની સુવાસ નહીંવત્ રહી છે... એમાં ટીચર્સની સાથે ગવર્મેન્ટ અને સોસાયટી પણ જવાબદાર છે. આજે બાળકો જે ઝડપથી નવું શીખે છે, વિકસે છે એમાંથી 10% પણ ટીચર્સ નવું શીખે કે વિકસે છે ખરા? જેમની પરમેનન્ટ જોબ છે તેમાંથી અડધોઅડધ શિક્ષકોને માત્ર કોર્સ પૂરો થાય અને બાળકો પાસ થાય એટલી જ દરકાર હોય છે. ન તો વિદ્યાર્થીઓને ઘડવાનો એમની પાસે સમય છે કે ન તો એમની મનીષા છે. યુ-ટ્યુબ, લેક્ચર્સ, ઓનલાઈન સ્ટડીઝ, ટ્યુશન ક્લાસીસ વગેરેને કારણે સ્કૂલશિક્ષકો તેજસ્વી ન હોય તો વિદ્યાર્થીઓ એમને ગણતા નથી. સ્કૂલ સિવાયના અન્ય શિક્ષકો પ્રોફેશનલ છે, વેલ ટ્રેઈન્ડ છે એટલે ભણાવે છે સારું... પરંતુ ન તો અહીં સ્કૂલના શિક્ષકો જેવી આત્મીયતા છે કે ન કોઈ સંવાદ કે ઓળખાણ... મોટી-મોટી સ્કૂલોમાં શિક્ષકો ભણાવે છે, વર્તમાન ગતિવિધિથી અપડેટ રહે છે, ટ્રેનિંગ લે છે, ટેકનોલોજી શીખે છે, મલ્ટીપલ ટેલેન્ટ ધરાવે છે તેથી તેઓ વિદ્યાર્થીઓને વિઝન આપવામાં




કંઈક અંશે સફળ રહે છે પરંતુ ભારતનાં 75% બાળકો, સરકારી, અર્ધસરકારી, ટ્રસ્ટની કે સામાન્ય કક્ષાની પ્રાઈવેટ સ્કૂલોમાં ભણે છે અને ત્યાંના ટીચર્સની સ્થિતિ બાર સાંધતા તેર તૂટે એવી હોય છે.

શિક્ષક પાસે આપણે જેટલી અપેક્ષાઓ રાખીએ એટલું આપીએ છીએ ખરા? આજે શિક્ષણ એ સેવા નહીં વ્યવસાય છે, શિક્ષકને પણ પરિવાર છે એ વાત કેમ ભૂલી જવાય છે? ગ્રાન્ટેડ સિવાયની સ્કૂલોમાં શિક્ષકોનું ખુલ્લેઆમ શોષણ થાય છે. સાઈન પૂરા પગારની કરવાની અને મળે અડધો પગાર... વળી, એમને બદલાયેલા અભ્યાસક્રમ, ટેકનોલોજી, સાયન્સ અને સ્પોર્ટસ એક્ટિવીટીઝની પૂરતી તાલીમ નથી અપાતી. વળી, ભારતનાં ઘણાં બધાં રાજ્યોમાં શિક્ષકોની કોન્ટ્રેક્ટ પર ભરતી થાય છે તેથી એમને પગાર, સન્માન અને સલામતી ઓછાં મળે છે એટલે કામમાં એમને રસ પણ ઓછો પડવાનો અને સૌથી મોટી કરુણતા એ છે કે જાત-જાતના સરકારી તાયફામાં કરોડો રૂપિયા ખર્ચનારી સરકાર એજ્યુકેશન પાછળ GDPના માત્ર 30% ખર્ચે છે જેને પરિણામે હાલમાં 1.5 મિલિયન ટીચર્સની શોર્ટેજ છે. એક સરકારી આંકડા મુજબ પ્રાઈમરીમાં 7, 22,413 અને સેકન્ડરીમાં 1,24,262 જગ્યા ખાલી છે. વળી, મોટાભાગની સ્કૂલોમાં એક કલાસમાં 50-60થી વધુ સંખ્યા હોય ત્યારે ટીચર્સ કઈ રીતે ભણાવે? ગામડાંમાં અડધોઅડધ સ્કૂલોમાં યોગ્ય કલાસરૂમ, લાઈબ્રેરી, લેબોરેટરી, ટીચીંગ મટીરિયલ્સ અને ટ્રેનિંગ નથી હોતી. સબજેક્ટનું નોલેજ વધારવા માટે એમની પાસે સમય જ નથી હોતો કારણ કે એમણે વારંવાર સર્વે, દસ્તાવેજીકરણ, એક્ઝામ, ટાઈપીંગ, ઈલેકશન ડ્યુટી અને એડમિશન પ્રોસેસ જેવાં અનેક કામ કરવાનાં હોય ત્યારે એ કોર્સ ભણાવે, ખુદને અપડેટ કરે કે બાળકો સાથે રેપો ડેવલપ કરે! વળી, આજે દરેક સ્કૂલના સંચાલકોને પરિણામ સારું જોઈએ એટલે શિક્ષકો વિદ્યાર્થીઓને વિકાસલક્ષી નહીં પરંતુ પરીક્ષાલક્ષી ભણાવે એમાં નવાઈ ખરી?! અને આટલું કર્યા પછી કરિયરમાં શું ગ્રોથ મળશે એની ગેરેન્ટી નથી. આ ઉપરાંત આપણે ત્યાં વર્ક-લાઈફ બેલેન્સ જેવા સોશ્યલ પ્રોબ્લેમ પણ છે એટલે એમની કાર્યક્ષમતા ઘટે છે. હવે ટીચર્સ જ ઈફેક્ટીવ ન હોય તો તેઓ સ્ટુડન્ટને શું આપવાના? જો ટીચર્સમાં ક્વોલીટી હશે તો જ તેઓ બાળકોને ક્રિટિકલ થીંકીંગ, ક્રીએટીવીટી, જનરલ નોલેજ, સાયન્ટીફીક એપ્રોચ અને એક્સ્ટ્રા કરિક્યુલર પ્રવૃત્તિમાં આગળ વધારી શકશે કારણ કે કૂવામાં હોય તો જ હવાડામાં આવશે.

શિક્ષકદિને શિક્ષકની મહત્તા કરવાથી શિક્ષક કે વિદ્યાર્થી કોઈનું ભલું નથી થવાનું. જ્યાં સુધી શિક્ષકોને તાલીમ, પ્રોત્સાહન, સલામતી- પગારધોરણ વગેરેમાં સુધારો નહીં લવાશે ત્યાં સુધી શિક્ષણ અને શિક્ષક બંનેની દશા અને દિશા બદલાવાની નથી. શું માનવું છે તમારું?

- સંપાદક



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર
ગણેશોત્સવ નિમિત્તે ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર નિધિ વાઘાણી અને ભાર્ગવી વાઘાણીની છે. નિધિએ BBA, LL.B કર્યું છે. એ એન્કર, મોડેલ અને પ્રોફેશનલ એડવર્ટાઈઝિંગ આર્ટિસ્ટ છે. નિધિને ટ્રાવેલિંગ અને સ્ટેજ પર્ફોર્મન્સિસનો શોખ છે. ભાર્ગવીએ BA વિથ ઈકોનોમિક્સ કર્યું છે. એ વીડિયો જોકી, મોડેલ અને પ્રોફેશનલ એડવર્ટાઈઝિંગ આર્ટિસ્ટ છે. ભાર્ગવીને મોડેલિંગ, એડવર્ટાઈઝિંગ શૂટ્સ અને વીડિયો જોકીંગમાં રુચિ છે.